આંક :
રજૂ તારીખ :
દાખલ તારીખ :
નિકાલ તારીખ :
સ મ ય :
વર્ષ માસ દિવસ

**ભાવનગરની ત્રીજી અધિક સેશન્સ કોર્ટ સમક્ષ, મહુવા**

**સેશન્સ કેસ નં.૨/૨૦૧૮**

શ્રી સ ર કા ર ... ... .....:: **ફરિયાદી**

**વિ રૂ દ્ધ**

૧) મથુરભાઈ માવજીભાઈ કોળી ,(એબેટ)
૨) બાબુભાઈ માવજીભાઈ કોળી ,ઉ.વ–૫૫
૩) રામજીભાઈ માવજીભાઈ કોળી, ઉ.વ–૬૦
૪) મનુભાઈ માવજીભાઈ કોળી,(એબેટ)
૫) જયંતીભાઈ સોમાતભાઈ કોળી,(એબેટ)
૬) મગનભાઈ પાંચાભાઈ કોળી,ઉ.વ–૩૫
૭) પાંચાભાઈ ચીથરભાઈ કોળી,ઉ.વ–૬૫
૮) ગીતાબેન વા/ઓ કાળુભાઈ માવજીભાઈ,ઉ.વ–૪૫
તમામ રહે– ઉમણીયાવદર તા.મહુવા **::આરોપીઓ.**

**ગુન્હા :–ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૦૭,૩૨૬,૩૨૪,૩૨૩, ૫૦૪, ૧૪૭,૧૪૮,૧૪૯,૩૫૪,૪૨૬,૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ – ૧૩૫ મુજબ.**

**ફરિયાદ પક્ષ તરફે : વિ.એ.પી.પી. શ્રી વી.જી.માંડલીયા**
**આરોપીઓ તરફે : વિ. ધારાશાસ્ત્રી શ્રી જી.જી.આહીર**

## :: ચુકાદો ::

**૧. ફરીયાદપક્ષનો કેસ :-**

આરોપીઓએ તા.૧૧-૮-૦૧ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે ઉમણીયાવદર ગામના પાદરમાં તમારો સામાન્ય હેતુ પાર પાડવા માટે ગેરકાયદેસર મંડળી રચી મારક હથીયારો ધારણ કરી ફરીયાદી તથા સાહેદને બદકામ કરવાના ઈરાદે બાવડુ પકડી ઢસડી ફરીયાદીનુ બ્લાઉઝ ફાડી નાખી તેમજ સાહેદ મંગાભાઈ સામતભાઈને મરણજનાર આરોપી નં-૪ નાઓએ ધારીયા વતી માથાના ભાગે ઈજા કરી તેમજ આરોપી નં-૬ નાઓએ ફરીયાદીને છરી વતી સ્વેચ્છાપુર્વક જમણી આંખ પાસે ઈજા કરી તેમજ ગળદા પાટુનો મુંઢમાર મારી, ભુંડાબોલી ગાળો આપી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી તથા મ્હે.જીલ્લા મેજી. શ્રીના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી તમામ આરોપીઓએ ઈ.પી.કો. કલમ **-૩૦૭,૩૨૬,૩૨૪,૩૨૩,૫૦૪,૧૪૭,૧૪૮,૧૪૯,૩૫૪,૪૨૬,૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ- ૧૩૫** મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે.

**૨. અનુસરવામાં આવેલ કાયદાકીય પ્રક્રિયા :-**

આરોપીઓ વિરૂઘ્ધ મહુવા પો. સ્ટે. ફ ગુન્હા રજી. નં. ૧૨૯/૨૦૦૧ થી તા.૧૧/૦૮/૦૧ નાં રોજ ભારતીય દંડ સંહીતાની કલમ **૩૦૭,૩૨૬,૩૨૪,૩૨૩,૫૦૪,૧૪૭,૧૪૮,૧૪૯,૩૫૪,૪૨૬,૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ- ૧૩૫** મુજબનો ગુન્હો નોંધવામાં આવેલો. પોલીસ તપાસના અંતે આરોપીઓ વિરૂઘ્ધના પ્રસ્તુત ગુન્હાનું ચાર્જશીટ વિ. જયુ. મેજી. ફ. ક. કોર્ટ, મહુવા સમક્ષ રજુ કરવામાં આવેલ. આરોપીઓ જામીન ઉપર મુકત છે. વિ. મેજી.શ્રીએ આરોપીઓને અદાલત સમક્ષ હાજર કરીને તમામ પોલીસ પેપર્સની નકલો વીના મુલ્યે પુરી પાડેલી. આ ગુન્હાની ટ્રાયલ ચલાવવાની વિ. મેજી.શ્રીને સત્તા ન હોવાથી ક્રિ.પ્રો.કો. કલમ - ૨૦૯ અન્વયે પ્રસ્તુત કેસ સ

ેશન્સ અદાલત સમક્ષ કમીટ કરવામાં આવ્યાં જેને સેશન્સ કેસ નં.–૨/૧૮ થી સેશન્સ કેસ રજીસ્ટર થયેલ છે .

**૨.૧** વિ. મેજી.શ્રી, મહુવાના કમીટલ હુકમ અન્વયે આરોપીઓને અત્રેની અદાલતમાં હાજર કરવામાં આવ્યા. વિ.એ.પી.પી.શ્રીએ તેઓ કયા પુરાવાઓ અને સાહેદો ઉપર આધાર રાખે છે તેની રજુઆત કરી કેસ ચાલુ કર્યો. રેકર્ડ ઉપરનાં તમામ દસ્તાવેજો તથા પુરાવાઓની વિગતો ઘ્યાને લઈ આરોપીઓ વિરૂઘ્ધ આ ગુન્હાનું તહોમતનામું ફરમાવી શકાય તેટલા પુરતી વિગતો જણાઈ. આરોપીઓ વિરૂઘ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ – **૩૦૭,૩૨૬,૩૨૪,૩૨૩,૫૦૪,૧૪૭,૧૪૮,૧૪૯,૩૫૪,૪૨૬,૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ– ૧૩૫** અન્વયે આંક–૬ થી તહોમતનામું ફરમાવવામાં આવ્યું અને આંક–૭ થી આક–૧૧ થી આરોપીઓનો જવાબ લેતા તેઓને આ ગુન્હો કબુલ ન હોવાનું જણાવી પોતાનો બચાવ કરવાનુ પસંદ કરેલ છે. તથા આરોપીઓ નં–૧,૪,૫ ચાલુ કામે ગુજરી ગયેલ હોય તેને એબેટ કરવામા આવેલ. ક્રિ.પ્રો.કોડની કલમ ૨૩૧ મુજબ ફરીયાદ પક્ષના રજુ થયેલા તમામ પુરાવાઓ નોંધવામાં આવ્યા. ફરીયાદ પક્ષે પુરાવા બંધની પુરશીશ રજુ કરેલ છે.આરોપીઓનુ વીશેષ નીવેદન નોંધવામા આવેલ . ત્યાર બાદ ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી વી.જી.માંડલીયા તથા બચાવ પક્ષે આરોપીઓના વિ.વ.શ્રી જી.જી.આહીર ની દલીલો સાંભળવામાં આવી.

**૩. ફરીયાદ પક્ષનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :–**

ફરીયાદ પક્ષે પ્રસ્તુત કેસના સમર્થનમાં નીચે મુજબના સાહેદો તપાસ્યા છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે.

**૩.૧ મૌખિક પુરાવો:**

| અનુ.નં | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ચતુબેન જાદવભાઈ મકવાણા | ૧૬ |
| ૨ | મંગાભાઈ સાંમતભાઈ મકવાણા | ૧૮ |
| ૩ | ઘીરુભાઈ ભવાનભાઈ વળીયા | ૧૯ |

| | | |
|---|---|---|
| ૪ | પોપટભાઈ ઓઘાભાઈ શીયાળ | ૨૧ |
| ૫ | કરીમભાઈ કાસમભાઈ સોરઠીયા | ૨૩ |
| ૬ | સાંમતભાઈ અરજણભાઈ મકવાણા | ૨૪ |
| ૭ | શબ્બીરભાઈ છોટુભાઈ સીપાઈ | ૨૬ |
| ૮ | ખીમજીભાઈ ચકુરભાઈ સાંખટ | ૨૯ |
| ૯ | ભરતભાઈ ચકુરભાઈ સાંખટ | ૩૧ |
| ૧૦ | છગનભાઈ લાખાભાઈ બારૈયા | ૩૬ |
| ૧૧ | ડો.જીતેન્દ્રકુમાર હરજીવનદાસ રુપારેલ | ૩૮ |
| ૧૨ | પી.એસ.ઓ –જીવાભાઈ અમરાભાઈ પરમાર | ૪૧ |
| ૧૩ | ડો.સજ્જાદઅલી માસુમઅલી જુમાણી | ૪૪ |
| ૧૪ | પી.એસ.ઓ –જીવાભાઈ અમરાભાઈ પરમાર | ૪૯ |
| ૧૫ | ઓઘાભાઈ ગભાભાઈ ઢાપા | ૫૨ |
| ૧૬ | રેખાબેન મંગાભાઈ મકવાણા | ૫૩ |
| ૧૭ | ભાવુબેન ગોબરભાઈ મકવાણા | ૫૪ |
| ૧૮ | કાળુભાઈ જીવાભાઈ ચૌહાણ | ૫૫ |
| ૧૯ | ચતુબેન ઓઘાભાઈ શીયાળ | ૫૬ |

## ૩.૨ <u>દસ્તાવેજી પુરાવો:</u>

| અનુ.નં | દસ્તાવેજનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૭ |
| ૨ | સ્થાનીક જગ્યાનુ પંચનામુ | ૨૦ |
| ૩ | કપડા કબ્જે કર્યાના પંચનામુ | ૨૨,૨૫ |
| ૪ | અટક પંચનામા | ૨૭,૨૮ |
| ૫ | ડીસ્કવરી પંચનામુ | ૩૦,૩૪ |
| ૬ | બ્લડ સેમ્પલ કબ્જે કર્યાનુ પંચનામુ | ૩૨ |
| ૭ | અટક પંચનામુ | ૩૩,૩૫ |
| ૮ | મંગાભાઈ નુ એમ.એલ.સી સર્ટી | ૩૯ |
| ૯ | સતુબેનનુ એમ.એલ.સી સર્ટી | ૪૬ |
| ૧૦ | મંગાભાઈ નુ સારવાર સર્ટી. | ૪૫ |

| | | |
|---|---|---|
| ૧૧ | શરીર સ્થીતીનુ પંચનામુ | ૪૭ |
| ૧૨ | મંગાભાઈ નુ ઈમેર્જીગ સારવાર સર્ટી. | ૪૮ |

**૪. <u>નિર્ણય માટેના મુદ્દાઓ</u> :–**

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૧૧ –૮–૦૧ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે ઉમણીયાવદર ગામના પાદરમાં તમારો સામાન્ય હેતુ પાર પાડવા માટે ગેરકાયદેસર મંડળી રચી મારક હથીયારો ધારણ કરી ફરીયાદી તથા સાહેદને બદકામ કરવાના ઈરાદે બાવડુ પકડી ઢસડી ફરીયાદીનુ બ્લાઉઝ ફાડી નાખી તેમજ સાહેદ મંગાભાઈ સામતભાઈને મરણજનાર આરોપી નં–૪ નાઓએ ધારીયા વતી માથાના ભાગે ઈજા કરી તેમજ આરોપી નં–૬ નાઓએ ફરીયાદીને છરી વતી સ્વેચ્છાપુર્વક જમણી આંખ પાસે ઈજા કરી તેમજ ગળદા પાટુનો મુંઢ માર મારી, ભુંડાબોલી ગાળો આપી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી તથા મ્હે.જીલ્લા મેજી. શ્રીના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી તમામ આરોપીઓએ ઈ.પી.કો. કલમ –**૩૦૭,૩૨૬,૩૨૪,૩૨૩ ,૫૦૪ ,૧૪૭,૧૪૮,૧૪૯,૩૫૪,૪૨૬,૧૧૪ તથા જી.પી. એકટ ની કલમ – ૧૩૫** મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**૪.૧ <u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે</u> :–**

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**૫. <u>નિર્ણય માટેના કારણો</u> :–**

**<u>મુદ્દા નં.૧ :–</u>**

**૫.૧ <u>ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની દલીલો</u> :–**

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી વી.જી.માંડલીયાએ મુખ્યત્વે દલીલમાં જણાવેલ છે કે આરોપીઓ સામે આંક–૬ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને સદર તહોમત પુરવાર કરવા ફરીયાદપક્ષે ફરીયાદી, તથા નજરે જોનાર સાહેદોને તપાસેલ છે તથા અન્ય સ્વતંત્ર સાહેદોને તપાસવામા આવેલ છે. મેડી.ઓફીસર શ્રીનો પુરાવો જોતા  ફરીયાદીને ગંભીર પ્રકારની ઈજાઓ પહોચાડેલછે. તેવુ ફરીયાદી તથા સાહેદ તેમજ ત.ક.અ ના પુરાવા દવારા આરોપીઓ વિરૂઘ્ધનું તહોમત પુરવાર કરેલ છે. આરોપીઓનો કોઈ સ્પષ્ટ કે ચોકકસ બનાવનો કોઈ પ્રોબેબીલીટી પ્રિપોન્ડરન્સ નથી. ફરીયાદપક્ષ દવારા આરોપીઓ વિરૂઘ્ધ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ હોય આરોપીઓને તકસીરવાન ઠરાવી યોગ્ય નશ્યત કરવા દલીલ કરેલ છે.

**૫.૨ <u>આરોપી પક્ષે વિ.વ.શ્રી જી.જી.આહીર ની દલીલો</u> :–**

આરોપીઓ તરફે વિ. વ.શ્રી જી.જી.આહીર નાઓએ પોતાની દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તમામ સાહેદો ઈન્ટરેસ્ટેડ સાહેદો છે. ફરીયાદી તથા સાહેદોનો પુરાવો સ્પષ્ટ ચોકકસ વીશ્વસનીય પુરાવો નથી.આક્ષેપીત હકીકતને ફરીયાદી તથા સાહેદોએ  લેશમાત્ર સમર્થન આપેલ નથી.ફરીયાદી તથા તમામ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે.  આરોપીઓને ગુનો સાથે જોડતો લેશમાત્ર પુરાવો ફરીયાદ પક્ષે પુરવાર કરવામા આવેલ નથી. ફરીયાદપક્ષ દવારા આરોપી ઉપર મુકવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ નથી.

હવે, ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરીએ તો,

**૬ <u>ફરીયાદીનો પુરાવો :–</u>**

**૬.૧ આંક–૧૬ થી ચતુબેન જાદવભાઈ મકવાણા ને** તપાસવામાં આવેલ છે આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, બનાવ સામાન્ય બોલચાલીનો બનેલો બનાવમા તેણીને કોઈએ મારેલ નથી અને બીજા

કોઈને વાગેલ નથી અને જપાજપી થયેલ નથી. સાહેદે આરોપીઓ તથા હથીયારો ઓળખી શકુ નહી તેવો પુરાવો આપેલ છે અને આક–૧૭ ની ફરીયાદમા પોતાના જમણા હાથના અંગુઠાનુ નીશાન ઓળખી બતાવેલ છે કે તેસીવાય ફરીયાદીએ ફરીયાદના સમર્થનમા લેશમાત્ર પુરાવો આપેલ નથી. આમ સાહેદના પુરાવાથી તેણીએ બોલાચાલીની ફરીયાદ આક–૧૭ થી આપેલ તેવુ જણાઈ છે. ફરીયાદીને હોસ્ટાઈલ જાહેર કરી આક–૧૭ની ફરીયાદમા જણાવેલી હકીકતો વીગતવાર પુછપરછ કરવા છતા પણ આક–૧૭ ની ફરીયાદના સમર્થનમા લ ેશમાત્ર પુરાવો આપેલ નથી. અને ઉ×ત મા સ્વીકારેલ છે કે આરોપીઓ તેમના સગા સંબધી અને જ્ઞાતીના થાય છે. બનાવ વખતે ઘણા બધા માણસો ભેગા થયેલા, નાસભાગ થયેલી. અને ટોળામા શુ થયેલુ તે ખબર નથી. વધુ સ્વીકારેલ છે કે તેઓએ પોલીસને કોઈ હકીકત લખાવેલ નથી. અને પોલીસ સમક્ષ કોઈ વસ્તુ રજુ કરેલ નથી. આરોપીઓએ માર મારેલ નથી. અને મુ.માલ હથીયારો વડે ઈજા કરેલી નથી. આ સ્વીકારેલ પુરાવો જોતા ફલીત થાય છે કે આરોપીઓએ તા.૧૧ –૮–૦૧ ના રોજ આરોપીઓએ ફરીયાદી, મંગાભાઈ , તેમજ અન્ય કોઈ પણ વ્યકિતીને કુહાડી, છરી, વડે ઈજાઓ પહોચાડેલી નથી. લોખંડની પાઈપ, તલવાર, લાકડી વડે કોઈ ઈજાઓ પહોચાડી નથી. ફરીયાદીના પુરાવાથી આરોપીઓ પર મુકવામા આવેલ આક્ષેપ કોઈજ રીતે પુરવાર થતુ નથી. ફરીયાદીના પુરાવાથી આરોપીઓને આક્ષેપીત ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. અને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. ફરીયાદીએ ડો.પાસે જઈ કોઈ સારવાર લીધી હોય તેઓને બનાવમા કોઈ ઈજા થયેલ હય તેવો કોઈ પુરાવો આપેલ નથી.આ સંજોગોમા આક–૪૬ થી રજુ થયેલ મેડી.સર્ટીમા જણાવ્યા મુજબની ઈજાઓ થયેલ હોવાનુ પુરવાર થતુ નથી.

૬.૨ **આંક–૧૮ થી મંગાભાઈ સામંતભાઈ મકવાણા ને** તપાસવામાં આવેલ છે આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ તેઓને બનાવ મા ઈજા થયેલી. પરંતુ સાહેદના પુરાવાને કાળજી

પુર્વક મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે બનાવ સામાન્ય બોલચાલીનો બનેલો બનાવમા તેણીને કોઈએ મારેલ નથી અને બીજા કોઈને વાગેલ નથી અને જપાજપી થયેલ નથી. સાહેદે આરોપીઓ તથા હથીયારો ઓળખી શકુ નહી તેવો પુરાવો આપેલ છે. આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી પોલીસ રુબરુના નીવેદનની હકીકતો વીગતવાર પુછપરછ કરવા છતા પણ તા.૧૧–૮–૦૧ ના રોજ ચતુબેન , ભાવુબેન, ભાણેજ ચતુબેન શીતળા માતાના મંદીરે ગયા ત્યારે આરોપીઓ ધારીયુ, કુહાડી,લાકડી, લઈ આવી કાંડુ પકડી ખેચવા જતા ત્યારે મગનભાઈ છરી લઈને આવી ચતુબેનને મારી હોય તેમજ મનુ માવજીએ તેઓને માથામા ધારીયુ મારેલ હોય તેમજ પાંચાભાઈ ચીથરભાઈએ ખુલ્લી તલવાર વડે માર મારેલ હોય તેમજ બાબુ માવજી લોખંડના પાઈપ સાથે , રામજી માવજી કુહાડી સાથે ગીતાબેન લાકડી સાથે અને મથુરાભાઈ લાકડી સાથે આવી માર મારેલ હોય જેન્તી સામંતે પણ માર મારેલ હોય તેવો લેશમાત્ર પુરાવો આરોપીઓ વીરુધ્ધ ફલીત થતો નથી. ટુંકમા ઈજા પામનાર સાહેદે તેઓને આરોપીઓએ મુ.માલ હથીયારો વડે બનાવના દીવસ ે અને સમયે ભેગા મળી એક સંપ થઈ જીવલેણ ઈજાઓ પહોચાડેલી હોય તેમજ ચતુબેન ભાવુબેનની છેડતી કરેલ હોય તેવો કોઈજ પુરાવો આપેલો નથી. આ સાહેદે ડો.સમક્ષ હીસ્ટ્રી લખાવેલ હોય ડો.પાસે સારવાર લીધેલ હોય તેવો પણ કોઈ પુરાવો આપેલ નથી. આ સંજોગોમા પણ આ સાહેદના પુરાવાથી આરોપીઓ પર મુકવામા આવેલ તહોમત પુરવાર થતુ નથી.

**૭ સ્વંતત્ર સાહેદ<u>નો પુરાવો :–</u>**

**૭.૧ આંક–પર થી ઓધાભાઈ ગભાભાઈ ઢાપા તથા આક–પ૩ થી રેખાબેન મંગાભાઈ મકવાણા ને તથા આક–પ૪ થી ભાવુબેન ગોબરભાઈ મકવાણા ને તથા આક–પપ થી કાળુભાઈ જીવાભાઈ ચૌહાણ ને તથા આક–પ૬ થી ચતુબેન ઓધાભાઈ શીયાળ ને** સોગંદપર

તપાસવામાં આવેલ છે તેઓની પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે , આ બધા સાહેદોનો પુરાવો જોતા સ્પષ્ટ થાય છેકે બધા સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે તેઓએ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી. તેઓએ બનાવ નજરે જોયેલ હોય તેઓ બનાવ વીશે કોઈ હકીકત જાણતા હોય અને પોલીસને જણાવેલ હોય તેવો લેશમાત્ર પુરાવો આરોપીઓ વીરુધ્ધ આપેલ નથી. આમ ફરીયાદ પક્ષના કેસને સ્વતંત્ર સાહેદોનુ સમર્થન પણ પ્રાપ્ત થયેલ નથી. વધુ પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છેકે સાહેદ ભાવુબેન, સાહેદ ચતુબેનને આરોપીઓએ લાકડી, કુહાડી થી માર મારેલ હોય. છરી વડે ઈજા પહોચાડેલ હોય વળી આરોપી મનુ માવજીએ બાવડુ પકડી ખેચવાનો પ્રયત્ન કરેલ હોય અને તમામ આરોપીઓએ ભેગા મળી સાહેદ ચતુબેનને જમીન પર પાડી દીધી હોય તેવો કોઈ પણ પુરાવો ફલીત થતો નથી. આરોપીઓને આ તમામ સાહેદોએ ઓળખી બતાવેલ નથી. મુ.માલ હથીયારો પણ ઓળખી બતાવેલ નથી. આરોપીઓએ ગંભીર ઈજાઓ પહોચાડેલ હોય અને તેઓ બનાવ સમયે હાજર હોય તેવો કોઈજ પુરાવો આપેલ નથી આ સંજોગોમા મહત્વના ઉપરોકતા સાહેદોના પુરાવાના અભાવે આરોપીઓ પર મુકવામા આવેલ તહોમત પુરવાર થતુ નથી.

**૮ મેડીકલ ઓફીસર નો <u>પુરાવો :-</u>**

**૮.૧ આંક-૩૮ થી ડો.જીતેન્દ્રકુમાર હરજીવનદાસ રુપારેલ ને** તપાસવામાં આવેલ છે આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, તા.૧૧ -૯-૦૧ ના રોજ આ સાહેદ સર.ટી.હોસ્પી. ભાવનગર ખાતે ફરજ પર હતા ત્યારે મંગળભાઈ સાંમતભાઈ ને ર:પપ કલાકે સારવાર માટે લાવેલા. તેણે હીસ્ટ્રીમા જણાવેલ કે તેમને સવારે દસ વાગે રામભાઈ દવારા હુમલામા ઈજા કરેલી તેવુ જણાવેલ. તથા દર્દી બેભાન હતો. તેના વાઈટલ નોર્મલ હતા. તેને માથાના આગળના ભાગે ' વાય' આકારનો ટાંકા લીધેલો ઘા હતો. તેમની બન્ને આંખો બ્લુ થઈ ગયેલી હતી. દર્દીએ પ્રથમ મહુવા હોસ્પી.મા પ્રાથમીક સારવાર લીધેલી તથા વધુ સારવાર માટે સર.ટી.હોસ્પી ખાતે રીફર કરેલ. તથા દર્દીને મેઈલ સર્જીકલ વોર્ડ

નં–૭ મા દાખલ કરેલ. ડો.શ્રીએ પુરાવામા જણાવેલ છે. સાહેદના પુરાવાથી વધુ ફલીત થાય છે કે તેઓએ ત્યાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ ખાતે રીફર કરેલ. તથા દર્દીના માથાના એકસરે કરાવેલા અને રેડીયોલોજીસ્ટના અભીપ્રાય મુજબ તે સામાન્ય હતા. તથા આક–૩૯ જોતા જણાય છે કે મેડી.સર્ટી છે. તથા દર્દીને ઈજા પર ટાંકા લીધેલ હોય કયા હથીયાર થી ઈજા થઈ શકે તે અંગે હુ અભીપ્રાય આપી શકુ નહી. ઉ×ત મા સ્વીકારેલ છે કે દર્દી લાવવામાં આવેલા તેણે મને કોઈ હીસ્ટ્રી આપેલ નહી. તથા દર્દીનો ઘા ટાંકા લીધેલ હતો તેથી તે કેવો હતો અને કેટલો ઉંડો હતો તે વીશે હુ કહી શકુ નહી. તથા ઉ×ત મા સ્વીકારેલ છે કે એ હુ કહી શકુ નહી કે દર્દીને માથાનો ઘા મૃત્યુ સંભવી શકે તેવો ન હતો. આમ સાહેદના પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે દર્દી સારવાર લીધા પછી તેની પાસ ે આવેલ જેથી ઈજા પામનાર ને થયેલ ઈજાઓ ગંભીર અને જીવલેણ હતી કે કેમ તે પુરવાર થતુ નથી. રેડીયોલોજીસ્ટ ના અભીપ્રાય મુજબ એકસરે સામાન્ય હતા. આ સાહેદે ઈજા પામનાર મંગળભાઈને સારવાર આપેલી છે પરંતુ ઈજા પામનારે એવો કોઈ જ પુરાવો આપેલ નથી કે તેઓને બનાવમા રામભાઈ દવારા ઈજા પહોચાડવામા આવેલી.

૮.૨ **આંક–૪૪ થી ડો.સજજાદઅલી માસુમઅલી જુમાણી ને** તપાસવામાં આવેલ છે આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે,તા.૧૧ –૮–૦૧ ના મહુવા મ્યુની. હોસ્પી.મા કેજયુ.મેડી.ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો. ત્યારે મંગાભાઈ સામંતભાઈ નામના દર્દીને સવારે ૧૧:૫૦ મીનીટે કાળુભાઈ જીવાભાઈ લાવેલ તથા લાવનારને હીસ્ટ્રી પુછતા તેને કોઈએ માર્યુ છે. તથા પુરાવામા વધુ જણાય છેક ે દર્દીને તપાસ કરતા તેને માથાના ભાગે વાય આકારની લેસરેટેડ વુન્ડ હતુ જેની લંબાઈ ૫ સેમી અને પહોળાઈ ૧ સેમી હતી. લોહી ચાલુ હતુ.અને ફજાના ખુણાઓ શાર્પ હતા. ઈજાની ધાર ત્રીક્ષ્ણ હતી. દર્દીને બેભાન અવસ્થામા લાવ્યા હતા. સાહેદના પુરાવાથી વધુ ફલીત થાય છે કે તેઓએ પ્રાથમીક સારવાર આપી તેઓને આગળ હાયર સેન્ટર પર જવા

જણાવ્યુ. તથા આક–૪૫ જોતા જણાય છે કે મેડી.સર્ટી છે. તથા સાહેદના પુરાવાથી વધુ ફલીત થાય છે કે દર્દીને થયેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થ થી થયેલ ઈજાઓ હતી.

સાહેદના પુરાવાથી વધુ ફલીત થાય છે કે તેઓએ તે જ દીવસે ૧૨:૩૦ કલાકે અન્ય દર્દી સતુબેન જાદવભાઈ ના દર્દીને જાદવભાઈ લઈ આવેલ તથા સાહેદે તેમને પુછતા જણાવ્યુ કે કોઈકે તેમને માર્યુ છે. દર્દીની તપાસ કરતા સી.એલ.ડબલ્યુ માથાના ઉપરના ભાગે આડુ ઈજાનો ઘાવ હતો. તેની લંબાઈ ૩ સ ेमी અને અડધો સેમી ની ઉંડાઈ હતી. દર્દીને ૧૧–૮ ના રોજ દવાખાનામા દાખલ કરેલ અને ૧૬–૮ ના રોજ રજા આપેલ તેવુ ડો.શ્રીએ જણાવેલ છે. તથા આક–૪૬ જોતા જણાઈ છે કે મેડી. સર્ટી.છે તથા સાહેદના પુરાવાથી વધુ ફલીત થાય છે કે તેઓના અભીપ્રાય મુજબ આ પ્રકારની ઈજા પણ સખત અને બોથડ પદાર્થથી થઈ શકે.

સાહેદની ઉ×ત મા એવુ સ્વીકારેલ છે કે દર્દી સંપુર્ણ બેભાન અવસ્થામા હતા. તથા સાહેદે તેવુ પણ સ્વીકારેલ છે કે મંગાભાઈએ મને કોઈ હીસ્ટ્રી જણાવેલ નહી તથા કાળાભાઈએ મને ઈજા પહોચાડનાર કોઈ વ્યકિતનુ નામ જણાવેલ નથી. તથા વધુમા એવુ પણ સ્વીકારેલ છે કે આક–૪૬ વાળા દર્દીએ પણ ઈજા પહોચાડનાર નુ નામ જણાવેલ નથી તથા વધુમા એવુ પણ સ્વીકારેલ છે કે આક–૪૫,૪૬ વાળી ઈજાઓ દર્દીને વાહન અકસ્માતમા ઈજા થાય તો પણ થઈ શકે. આમ આ ડો.શ્રીએ ઈજા પામનાર મંગાભાઈ સામંતભાઈ , ચતુબેન જાદવાભાઈને તપાસેલ છે પરંતુ સદર ઈજાઓ ગંભીર અને જીવલેણ હતી તેવુ ફલીત થતુ નથી. કોણે ઈજા પહોચાડી છે તેવુ હીસ્ટ્રીમા જણાવેલ નથી. ઈજા પામનાર ચતુબેન જાદવ સભાન અવસ્થામા હતા પરંતુ તેઓએ ઈજા પહોચાડનાર નુ નામ ડો.શ્રી સમક્ષ જણાવેલ નથી એટલુ જ નહી પુરાવામા પણ ઈજા પહોચાડનાર નુ નામ તથા તેઓને થયેલઈજા સંબધે કોઈ વીગત જણાવેલ નથી.

આ સંજોગોમા પણ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ મંગાભાઈ નેઈજા થયેલ હોવાનુ પુરવાર થતુ નથી.

૯ **પંચ સાહદ<u>નો પુરાવો :-</u>**

૯.૧ **આંક-૧૯ થી ધીરુભાઈ ભવાનભાઈ વળીયા તથા આક-૨૩ થી કરીમભાઈ કાસમભાઈ સોરઠીયા ને** તપાસવામાં આવેલ છે બન્ને પંચ સાહેદોના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે આ પંચે આક-૨૦ ના ગુનાવાળી જગ્યાના પંચનામા પંચો છે તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલા છે આ પંચોએ આક-૨૦ ના પંચનામાની હકીકતો ને લેશ માત્ર સમર્થન કારી પુરાવો આપેલ નથી.

૯.૨ **આંક-૨૧ થી પોપટભાઈ ઓઘાભાઈ શીયાળ ને** તપાસવામાં આવેલ છે પંચ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે આ પંચે આક-૨૨ ના કપડા કબ્જે પર્યાનુ પંચનામા ના પંચો છે તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલા છે આ પંચોએ આક-૨૨ ના પંચનામાની હકીકતો ને લેશ માત્ર સમર્થન કારી પુરાવો આપેલ નથી.

૯.૩ **આંક-૨૪ થી સામંતભાઈ અરજણભાઈ મકવાણા ને** તપાસવામાં આવેલ છે પંચ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે આ પંચે આક-૨૫ ના ભાનુબેન ના કપડા કબ્જે પર્યાનુ પંચનામા ના પંચો છે તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલા છે આ પંચોએ આક-૨૫ ના પંચનામાની હકીકતો ને લેશ માત્ર સમર્થન કારી પુરાવો આપેલ નથી.

૯.૪ **આંક-૨૬ થી શબ્બીરભાઈ છોટુભાઈ સીપાઈ ને** તપાસવામાં આવેલ છે પંચ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે આ પંચે આક-૨૭ તથા આક-૨૮ ના આરોપીના અટક પંચનામુ તથા મુ.માલ રીવકરીના પંચનામા ના પંચ છે તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલા છે આ પંચોએ આક-૨૭ તથા આક-૨૮ ના પંચનામાની હકીકતો ને લેશ માત્ર સમર્થન કારી પુરાવો આપેલ નથી.

**૯.૫ આંક–૨૯ થી ખીમજીભાઈ ચકુરભાઈ સાંખટ ને** તપાસવામાં આવેલ છે પંચ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે આ પંચે આક–૨૯ ના ડીસ્કવરી પંચનામા ના પંચ છે તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલા છે આ પંચોએ આક–૨૯ ના પંચનામાની હકીકતો ને લેશ માત્ર સમર્થન કારી પુરાવો આપેલ નથી.

**૯.૬ આંક–૩૧ થી ભરતભાઈ ચકુરભાઈ સાંખટ તથા આક–૩૬ થી છગનભાઈ લાખાભાઈ બારૈયા ને** તપાસવામાં આવેલ છે બન્ને પંચ સાહેદોના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે આ ભરતભાઈએ આક–૩૨ થી આક–૩૫ ના બ્લડ સેમ્પલ, અટક પંચનામા તથા ડીસ્કવરી પંચનામા ના પંચ છે તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલા છે તથા છગનભાઈ આક–૩૪ ના ડીસ્કવરી પંચનામા ના પંચ છે. આ પંચોએ આક–૩૨ થી આક–૩૫ ના પંચનામાની હકીકતો ને લેશ માત્ર સમર્થન કારી પુરાવો આપેલ નથી.

**૧૦. <u>પોલીસ સાહેદનો પુરાવો :–</u>**

**૧૦.૧ આક–૪૧ તથા આક–૪૯ થી જીવાભાઈ અમરાભાઈ પરમાર ને** તપાસવામા આવેલા છે. આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે,તેઓ ૧૧–૦૮–૦૧ ના રોજ મહુવા પો.સ્ટેમા પી.એસ.ઓ ચાર્જ મા હતા દરમ્યાન પી.આઈ શ્રી બી.બી.મેરની રુબરુની ફરીયાદ દાખલ થવા માટે આવતા ગુનો રજી. કરેલો અને સ્ટે.ડામા નોધ કરેલી. તથા આગળની તપાસ ત.ક.અ બી.બી.મેર ને તપાસ સોપેલી.આમ આ સાહેદે ગુનો રજી. કરી ગુનો રજી.કર્યા સીવાય તપાસ ને લગતી કોઈ કામગીરી કરેલ નથી.

ત.ક.અ બી.બી.મેરને વારંવાર સમન્સ કરવા છતા પણ તેઓ રીટાયર્ડ થઈ ગયેલ છે તેઓ મળી આવેલા નથી જેથી ફરીયાદ પક્ષે તેઓને તપાસેલા નથી. પો.ઈન્સ મહુવાએ આક–૧૨ થી સોગંદપર સોગંદનામુ કરેલ છે કે શ્રી.બી.બી.મેરે ચાર્જશીટ નામ.કોર્ટમા મોકલી આપેલ, કેસ ૧૮ વર્ષ જુનો હોય પો.સ્ટમા અસલ કાગળો મળી ન આવતા તેઓએ ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

આમ આ કેસમા સરકાર પક્ષ તરફથી અસલ કાગળો રજુ કરવામા આવેલ નથી.ફરીયાદીએ આક–૧૭ ની ફરીયાદના સમર્થનમા લેશમાત્ર પુરાવો આપેલ નથી. તમામ પંચો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. સ્વતંત્ર અને નજરે જોનાર સાહેદોએ પણ લેશમાત્ર પુરાવો આપેલ નથી. ઈજા પામનારાઓએ ઈજાઓ મુ.માલ, સંબધી કોઈ પુરાવો આપેલ નથી. આરોપીઓએ ઈજા પહોચાડેલ હોવાનુ ઈન્કાર કરેલ છે આમ સમગ્ર પુરાવો જોતા આરોપીઓ પર મુકવામા આવેલ તહોમત પુરવાર થતુ નથી.આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો લેશ માત્ર પુરાવો પુરવાર થયેલ ન હોય મુદ્દા નં–૧ નો જવાબ નકાર મા આપી નીચે મુજબ આખરી હુકમ પસાર કરવામા આવે છે.

**–:: હુકમ ::–**

**૧** ક્રિ.પ્રો.કોડની કલમ ૨૩૫(૧) અન્વયે આરોપીઓ (૧) બાબુભાઈ માવજીભાઈ કોળી ,ઉ.વ–૫૫,(૨) રામજીભાઈ માવજીભાઈ કોળી, ઉ.વ–૬૦,(૩) મગનભાઈ પાંચાભાઈ કોળી,ઉ.વ–૩૫, (૪) પાંચાભાઈ ચીથરભાઈ કોળી, ઉ.વ–૬૫, (૫) ગીતાબેન વા/ઓ કાળુભાઈ માવજીભાઈ,ઉ.વ–૪૫ તમામ રહે– ઉમણીયાવદર તા.મહુવા ના ઓને ભારતીય દંડ સંહીતાની કલમ – **૩૦૭,૩૨૬,૩૨૪,૩૨૩,૫૦૪, ૧૪૭,૧૪૮,૧૪૯,૩૫૪,૪૨૬,૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ – ૧૩૫** મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨. મુ.માલ નો અપીલ સમય વીત્યાબાદ મુ.માલ નો નાશ કરવો.

૩. ક્રિ.પ્રો.કો.કલમ ૪૩૭(એ) અન્વયે આરોપીઓએ નામ. વડી અદાલત સમક્ષ જો અપીલ થાય તો તે દરમ્યાંન હાજર રહેવા માટે પ્રત્યેક ના રૂ.૫,૦૦૦/– ના જામીન આપવા.

હુકમ આજરોજ તા.૦૮ મી–નવેમ્બર, ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મહુવા.**
**તા. ૦૮–૧૧–૨૦૧૯.**

**(અંબરીષ લાલજીભાઈ વ્યાસ)**
**જીજે ૦૦૫૦૮**
**૩'જા એડીશ્નલ સેશન્સ જજ,**
**ભાવનગર એટ મહુવા.**